**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences**
**Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal**
**Volume - 9, Issue - 2, February - 2026**
**ISSN(o): 2581-6241**
**Impact Factor: 9.134**

DOIs:10.2018/SS/202602005 --:-- Research Paper / Article / Review

# કાકડવા ગામમાં જલ-જીવન મિશનની સ્થિતિ : એક અભ્યાસ

**શ્રી. મહેશભાઇ એલ. વસાવા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર (એડહોક)**

**સુશ્રી. સલોનીબેન કે. ગામીત**
**વિદ્યાર્થીની**

**મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત.**

Vasavamahesh3010@gmail.com, Salonigamit151@gmail.com

સારાંશ: *વિશ્વની લગભગ ત્રણ ચતુર્થાંસ વસ્તી સુરક્ષિત રીતે સંચાલિત જળ સ્ત્રોતનો ઉપયોગ કરે છે. દર ચાર માંથી એક વ્યક્તિ પીવાના પાણીના સુરક્ષિત સ્ત્રોતનો ઉપયોગ કરતી નથી. UNCEF-WHO - ૨૦૨૩, ના આ રીપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે ૧.૮ બિલિયન લોકો એવા ઘરોમાં રહે છે જેમાં પીવાના શુધ્ધ પાણીનો પુરવઠો ઉપલબ્ધ નથી. ભારતમાં ૧.૪ અબજથી વધુ લોકોની વસ્તી હોવા છતાં વિશ્વના તાજા પાણીના માત્ર ૪% સ્ત્રોતો છે. ધ એનર્જી એન્ડ રિસોર્સેસ ઇન્સ્ટીટયુટમાં ૧ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ લેખ મુજબ ગુજરાત પાણીની અછત ધરાવતું રાજ્ય છે, જેમાં વ્યક્તિ દીઠ માત્ર ૧૧૩૭ ઘન મીટર તાજું પાણી ઉપલબ્ધ છે. ઉદ્યોગોના ગંદા પાણીને કારણે જળ સ્ત્રોત્રોના પ્રદૂષણમાં વધારો થાય છે જે શુધ્ધ પાણીની ઉપલબ્ધિને અસર કરે છે. લોકોને શુધ્ધ પાણી પુરુ પાડવા માટે ભારતમાં રાષ્ટ્રીય જળ મિશન, જલ-જીવન મિશન અને અટલ ભૂજળ યોજના તેમજ ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાન, સૌની યોજના, જળ શક્તિ અભિયાન, વાસ્મો જેવી યોજનાઓ અમલમાં છે. આ સંશોધન પત્ર તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના આદિવાસી વસ્તીની બહુમતી ધરાવતા કાકડવા ગામમાં જલ-જીવન મિશનની વાસ્તવિક સ્થિતિને સમજવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.*

ચાવીરૂપ શબ્દો: જળ જીવન મિશન, યોજના, કાકડવા ગામ, આદિવાસી, સમુદાય.

## 1.પ્રસ્તાવના:-

સ્વચ્છ પાણીની પહોંચ એ આપણી સૌથી મૂળભૂત માનવ જરૂરીયાતો માની એક છે. વિશ્વની લગભગ ત્રણ ચતુર્થાંસ વસ્તી સુરક્ષિત રીતે સંચાલિત જળ સ્ત્રોતનો ઉપયોગ કરે છે. દર ચાર માંથી એક વ્યક્તિ પીવાના પાણીના સુરક્ષિત સ્ત્રોતનો ઉપયોગ કરતી નથી. સૌથી ઓછી આવક ધરાવતા દેશોમાં એક તૃતીયાંશ કરતા પણ ઓછી વસ્તી સુરક્ષિત રીતે સંચાલિત પાણીનો ઉપયોગ કરે છે. ઝડપી વસ્તી વૃદ્ધિ, શહેરીકરણ, કૃષિ, ઉદ્યોગ અને ઉર્જા ક્ષેત્રોમાં પાણીની વધતી જતી જરુરીયાતોને કારણે પાણીની માંગ વધી રહી છે. પાણીની માંગ વસ્તી વૃદ્ધિ કરતા વધી ગઈ છે અને વિશ્વની અડધી વસ્તી પહેલેથી જ વર્ષમાં ઓછામાં ઓછો એક માસ પાણીની તીવ્ર અછત અનુભવી રહી છે. આબોહવા પરિવર્તનના પરિણામે વૈશ્વિક તાપમાનમાં વધારા સાથે પાણીની અછત વધવાનો

અંદાજ છે. ૨૦૧૫ અને ૨૦૨૨ ની વચ્ચે, સુરક્ષિત રીતે સંચાલિત પીવાના પાણીની પહોંચ ધરાવતી વિશ્વની વસ્તીનું પ્રમાણ ૬૯% થી વધીને ૭૩% થયું છે. પાણી માત્ર સ્વાસ્થ્ય માટે જ નહિ પણ, ગરીબી ઘટાડવા, ખાદ્ય સુરક્ષા, શાંતિ અને માનવ અધિકાર, ઇકોસિસ્ટમ અને શિક્ષણ માટે પણ જરૂરી છે. યુએન વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રીપોર્ટ ૨૦૨૩ ચેતવણી આપે છે કે "પાણીની અછતનો સામનો કરી રહેલી વૈશ્વિક શહેરી વસ્તી ૨૦૧૬ માં ૯૩૦ મિલિયન થી બમણી થઇ ને ૨૦૫૦ માં ૧.૭ થી ૨.૪ અજબ થવાનો અંદાજ છે. UNCEF-WHO - ૨૦૨૩, ના આ રીપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે ૧.૮ બિલિયન લોકો એવા ઘરોમાં રહે છે જેમાં પીવાના શુધ્ધ પાણીનો પુરવઠો ઉપલબ્ધ નથી.

ભારતમાં પાણીની અછત એ પ્રવર્તમાન વિકટ પરિસ્થિતિ છે, જે દર વર્ષે લગભગ કરોડો લોકોને અસર કરે છે. ૧.૪ અબજથી વધુ લોકોની વસ્તી હોવા છતાં ભારતમાં વિશ્વના તાજા પાણીના માત્ર ૪% સ્ત્રોતો છે. તાજા પાણીની અપ્રમાણસર ઉપલબ્ધતા ઉપરાંત, સમગ્ર દેશમાં ચોમાસાની શરૂઆત પહેલાં, ઉનાળાના મહિનાઓમાં નદીઓ અને તેમના જળાશયો સુકાઈ જવાને કારણે ભારતમાં પાણીની અછત પણ સર્જાય છે. ધ એનર્જી એન્ડ રિસોર્સેસ ઇન્સ્ટીટયુટમાં ૧ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ લેખ મુજબ ગુજરાત પાણીની અછત ધરાવતું રાજ્ય છે, જેમાં વ્યક્તિ દીઠ માત્ર ૧૧૩૭ ઘન મીટર તાજું પાણી ઉપલબ્ધ છે. ગુજરાતમાં કુલ ઉપલબ્ધ જળ સ્ત્રોતોમાં (સપાટી ઉપરનાં અને ભૂ-ગર્ભજળ) લગભગ ૫૫,૬૦૦ મીલીયન ઘનમીટર (૩૮,૧૦૦ મીલીયન ઘનમીટર સપાટી ઉપરનાં જળ અને ૧૭,૫૦૦ મીલીયન ઘનમીટર ભૂ-ગર્ભજળ) પાણી હોવાનો અંદાજ છે. લગભગ ૮૮% પાણી સિંચાઇ માટે, ૧૦% પાણી ઘરવપરાશ અથવા ઘરેલુ ઉપયોગ માટે અને ૨% પાણી ઉદ્યોગો માટે પૂરું પાડવામાં આવે છે. ઉદ્યોગોના ગંદા પાણીને કારણે જળ સ્ત્રોત્રોના પ્રદૂષણમાં વધારો થાય છે, જે શુધ્ધ પાણીની ઉપલબ્ધિને અસર કરે છે. લોકોને શુધ્ધ પાણી પુરુ પાડવા માટે ભારતમાં રાષ્ટ્રીય જળ મિશન, જલ-જીવન મિશન અને અટલ ભૂજળ યોજના તેમજ ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાન, સૌની યોજના, જળ શક્તિ અભિયાન, વાસ્મો જેવી યોજનાઓ અમલમાં છે. પ્રસ્તુત અભ્યાસમાં આ વિવિધ યોજનાઓ પૈકી કાકડવા ગામમાં જલ જીવન મિશનની સ્થિતિને સમજવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

**2.જલ-જીવન મિશન યોજનાનો પરિચય:-**

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ જલ-જીવન મિશનની યોજનાની શરૂઆત કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૪ સુધીમાં દરેક ગ્રામીણ પરિવારને (દુષ્કાળ ગ્રસ્ત ગામો, રણ વિસ્તારના ગામો, સંસદ આદર્શ ગ્રામ યોજનાના ગામો) શાળાઓ, આંગણવાડી કેંદ્રો, આરોગ્ય કેંદ્રો, પંચાયત ઘર તેમજ સામુદાયિક ઇમારતોને નળનાં પાણીનો પુરવઠો પ્રદાન કરવાનો હતો. મિશનની શરૂઆતના સમયે, માત્ર ૩.૨૩ કરોડ (૧૭ ટકા) ગ્રામીણ પરિવારો પાસે નળના પાણીના જોડાણો હતા. ૬ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં, જલ જીવન મિશને ૧૧.૯૫ કરોડ વધારાના ગ્રામીણ પરિવારોને સફળતાપૂર્વક નળના પાણીના

જોડાણો પૂરા પાડ્યા છે, જેનાથી કુલ ૧૫.૧૯ કરોડથી વધુ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે, જે ભારતના તમામ ગ્રામીણ ઘરોમાં ૭૮.૫૮ ટકા હિસ્સો ધરાવે છે.

જલ જીવન મિશન, માતાઓ અને બહેનોની સદીઓ જૂની કઠોરતાથી માંડીને ઘર માટે પાણી લાવવાની અને તેમના સ્વાસ્થ્ય, શિક્ષણ અને સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો કરવાની આઝાદી માટે પણ પ્રયત્નશીલ છે. આ મિશન ગ્રામીણ સ્ત્રીઓના જીવનમાં સરળતા લાવી રહ્યું છે. જલ-જીવન મિશન દ્વારા ગ્રે-વોટર મેનેજમેન્ટ, જળ સંરક્ષણ અને વરસાદી પાણીના સંગ્રહ દ્વારા રિચાર્જ અને પુનઃઉપયોગ જેવા ફરજિયાત તત્વો તરીકે જળ સ્રોતના ટકાઉપણાના પગલાંનો પણ અમલ કરે છે.

ગ્રામીણ સમુદાયોમાં માલિકીની ભાવના પેદા કરવા માટે, જલ-જીવન મિશન પાણી પુરવઠાના તમામ નિર્ણયોમાં ગ્રામ્ય-સ્તરના આયોજન અને સમુદાયની ભાગીદારી પર ભાર મૂકે છે. આ મિશન હેઠળ ૫.૩૨ લાખ ગ્રામ જળ અને સ્વચ્છતા સમિતિઓ (વીડબલ્યુએસસી) અથવા પાણી સમિતિઓની રચના કરવામાં આવી છે, જેમાં ઓછામાં ઓછી ૫૦ ટકા મહિલા સભ્યો છે. દરેક ગામની પાંચ મહિલાઓને ફિલ્ડ ટેસ્ટ કિટ્સનો ઉપયોગ કરીને પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવાની તાલીમ આપવી. ૨૦૨૪-૨૫ સુધીમાં ૨૪.૬૪ લાખ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે અને ૫૪.૨૦ લાખથી વધુ નમૂનાઓઅનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. ૧૪, ૦૦૦ થી વધારે બિન-સરકારી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, મહિલા સ્વસહાય જૂથો અને સમુદાય આધારિત સંસ્થાઓને અમલીકરણ સહાયક એજન્સીઓ તરીકે સામેલ કરવામાં આવી છે. જેથી પાણી પુરવઠા વ્યવસ્થાના આયોજન, અમલીકરણ, વ્યવસ્થાપન અને જળવણીમાં સમુદાયની ભાગીદારી સરળ બનાવી શકાય.

### 3.સંશોધન પધ્ધતિ:-

પ્રસ્તુત સંશોધન પત્ર કેન્દ્ર સરકારની જળ સંબંધિત વિવિધ યોજનાઓ પૈકી જલ-જીવન મિશનની કામગીરી વિષયક છે. તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં આવેલ કાકડવા ગામમાં કુલ ૨૧૮૧ કુટુંબો વસે છે અને દરેક કુટુંબો જલ-જીવન મિશન યોજના અંતર્ગત નળ કનેક્શન ધરાવે છે. તથા ત્રણ (૩) આંગણવાડી કેંદ્રો અને બે (૨) પ્રાથમિક શાળાઓ અને પંચાયત ઘર જેવા જહેર સ્થળો પણ જલ-જીવન મિશન યોજના અંતર્ગત નળ કનેક્શન ધરાવે છે. જેથી કાકડવા ગામમાં જલ-જીવન મિશનની સ્થિતિના સંદર્ભમાં પ્રસ્તુત શોધ પત્ર તૈયાર કરેલ છે. અહીં નોંધવું જોઇએ કે આ શોધ પત્ર બેચલર ઓફ રૂરલ સ્ટડિઝ ઇન સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ના વિદ્યાર્થીનીના લઘુશોધ દરમિયાન એકત્રિત કરેલ પ્રાથમિક માહિતી આધારિત છે. તેમજ ગૌણ સ્ત્રોતો તરીકે અહેવાલો અને સંશોધન પત્રોનો આધાર લીધો છે.

કાકડવા ગામમાં મોટાભાગની વસ્તી આદિવાસી સમુદાયની છે. વસ્તીગણતરી ૨૦૧૧ મુજબ કાકડવા ગામની કુલ વસ્તી આશરે ૨,૭૨૯ છે. જેમાં આદિવાસી વસ્તી ૨,૭૨૨ છે. આ ગામ સામાજિક-આર્થિક રીતે પછાત પણ છે. આ ગામમાં સિંચાઇ તેમજ પિવાના શુધ્ધ પાણીની ગંભીર સમસ્યા હતી. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ

જળ જીવન મિશનની શરૂઆત કરી હતી, જેનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૪ સુધીમાં દરેક ગ્રામીણ પરિવારને નળનાં પાણીનો પુરવઠો પ્રદાન કરવાનો હતો. આ યોજના હેઠળ કાકડવા ગામમાં કુલ ૨૧૮૧ કુટુંબોએ લાભ લીધેલ છે. આ શોધ અભ્યાસ માટે  બિનયચ્છ નિદર્શનની હેતુલક્ષી નમુના પદ્ધતિથીનો ઉપયોગ કરી ૩૦ ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસુચિ દ્વારા માહિતી મેળવી, ગામમાં જલ-જીવન મિશન યોજના અંગેની જાગૃતતા, મિશન સ્થિતિ અને મિશન અંતર્ગત સ્થાનિક લોકોને થયેલ લાભો તપાસવા વગેરે હેતુઓના આધારે કાકડવા ગામમાં જલ-જીવન મિશનની વાસ્તવિક સ્થિતિને તપાસવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવેલ છે. જેના તારણો નીચે મુજબ છે.

**4.તારણો:-**

કાકડવા ગામમાં મોટાભાગની વસ્તી જનજાતિ સમુદાયની જણાયેલ છે. કારણ કે અભ્યાસ હેઠળ આવરી લીધેલ બધાં જ ૧૦૦% ઉત્તરદાતાઓ અનુસુચિત જનજાતિના છે. જેમાં ૫૦% ઉત્તરદાતાઓ પુરુષો અને ૫૦% સ્ત્રીઓ છે તથા આ ઉત્તરદાતાઓમાં 13.3% ઉત્તરદાતાઓ નિરક્ષર, ૨૬.૬% ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ, ૨૬.૬% ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ, 3.3% ઉત્તરદાતાઓએ ITI/ડીપ્લોમા, ૨૩% ઉત્તરદાતાઓએ સ્નાતક સુધીનું અને ૬.૭% ઉત્તરદાતાઓએ અનુસ્નાતક સુધીનું શિક્ષણ મેળવેલ છે.

કાકડવા ગામમાં વિભક્ત કુટુંબોનું પ્રમાણ ૫૩.૩% છે અને સંયુક્ત કુટુંબોનું પ્રમાણ ૪૬.૭% છે. તેમજ ગામમાં ૫૦૦૦ થી ૨૫,૦૦૦ સુધીની માસિક આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૮૬.૭% છે. ૨૬,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીની માસિક આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ ૬.૭% છે અને ૫૧,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ સુધીની માસિક આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ 6.7% છે.

કાકડવા ગામમાં ૩.૫% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે ખાનગી કૂવો અને ખાનગી બોરનો ઉપયોગ કરે છે. ૩.૩% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે જાહેર કૂવો, વ્યક્તિગત/ઘરે નળ કનેક્શન (પાઈપ લાઈન દ્વારા) અને ખાનગી બોરનો ઉપયોગ કરે છે. ૪૦% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે માત્ર ખાનગી બોર પર આધાર રાખે છે. ૧૩.૩% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે વ્યક્તિગત/ઘરે નળ કનેક્શન (પાઈપ લાઈન દ્વારા) અને ખાનગી બોર પર આધાર રાખે છે. ૩.૩% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે વ્યક્તિગત/ઘરે નળ કનેક્શન (પાઈપ લાઈન દ્વારા) અને સામુહિક નળ (પાઈપ લાઈન દ્વારા) પર આધાર રાખે છે. ૧૩.૩% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે માત્ર જાહેર હેન્ડપંપ પર આધાર રાખે છે. ૩.૩% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે જાહેર હેન્ડપંપ અને અન્ય સ્રોતો પર આધાર રાખે છે. ૨૦% કુટુંબો પીવાના પાણીના સ્રોત તરીકે જાહેર હેન્ડપંપ અને વ્યક્તિગત/ઘરે નળ કનેક્શન (પાઈપ લાઈન દ્વારા) પર આધાર રાખે છે.

કાકડવા ગામમાં મોટાભાગના લોકો જલ-જીવન મિશન યોજના અંગે પુરતી જાણકારી ધરાવતા નથી. જે મળેલ માહિતી પરથી જણાય છે, ૧૬.૭% ઉત્તરદાતાઓ જલ-જીવન મિશન અંગેની પુરતી જાણકારી ધરાવતા

હતા જ્યારે ૮૩.૩% ઉત્તરદાતાઓ જલ-જીવન મિશન યોજના અંગેની પુરતી જાણકારી ધરાવતા ન હતા. જે લોકોને જલ-જીવન મિશનની જાણકારી હતી એમાં ૩.૩% લોકોને ઓનલાઈન માધ્યમથી, ૧૦% લોકોને ગ્રામ પંચાયત પાસેથી અને ૩.૩% લોકોને મિત્રો પાસેથી જાણકારી મળી હતી. તેમ છતાં કાકડવા ગામમાં જલ-જીવન મિશન યોજનાના લાભાર્થીઓનું પ્રમાણ ૧૦૦% જણાયેલ છે. ગામમાં બધાં જ કુટુંબો જલ-જીવન મિશન યોજના અંતર્ગત ઘરે નળ કનેક્શન ધરાવે છે.

જલ-જીવન મિશન યોજના અંતર્ગત દરરોજ ૫૫ લીટર પાણી પૂરું પાડવામાં આવતું હોય છે. પરંતુ કાકડવા ગામમાં આ મિશન અંતર્ગત દરરોજ ૫૫ લીટર પાણી પૂરું પાડવામાં આવતું નથી. જે મળેલ માહિતી પરથી જણાય છે. ૯૩.૩% ઉત્તરદાતાઓનું કહેવું છે કે મિશન અંતર્ગત દરરોજ ૫૫ લીટર પાણી પૂરું પાડવામાં આવતું નથી તો ૬.૭% ઉત્તરદાતાઓનું કહેવું છે કે મિશન અંતર્ગત ક્યારેક ક્યારેક ૫૫ લીટર પાણી પૂરું પાડવામાં આવે છે.

કાકડવા ગામમાં જલ-જીવન મિશન અંતર્ગત જે પાણી ઘર વપરાશ કે જાહેર સ્થળોએ (શાળા, આંગણવાડી, પંચાયત ઘર) વપરાશ માટે પૂરું પાડવામાં આવે છે તે પુરતું નથી. ૧૦૦% લોકોનું કહેવું છે કે જલ-જીવન મિશન અંતર્ગત જે પાણી ઘર વપરાશ કે જાહેર સ્થળોએ (શાળા, આંગણવાડી, પંચાયત ઘર) વપરાશ માટે પૂરું પાડવામાં આવે છે તે પુરતું નથી.

કાકડવા ગામમાં ૧.૩% લોકોના ઘરેથી પાણીના નમુના લેવાયા છે તથા જલ-જીવન મિશન યોજના અંતર્ગત પીવાના પાણીની લેબોરેટરી તપાસ કરવામાં આવતી હોય છે તે અંગેની જાણકારી ધરાવે છે. જ્યારે ૮૬.૭% લોકોના ઘરેથી પાણીના નમુના લેવાયા નથી તથા તેઓ જલ-જીવન મિશન યોજના અંતર્ગત પીવાના પાણીની લેબોરેટરી તપાસ કરવામાં આવતી હોય છે તે અંગેની જાણકારી ધરાવતા નથી.

કાકડવા ગામમાં જલ-જીવન મિશન યોજના દ્વારા પીવાના પાણીની સમસ્યા દૂર થઈ હોય એવું જણાતું નથી. કારણ કે ૧૦૦% લોકોનું કહેવું છે કે જલ-જીવન મિશન યોજના દ્વારા પીવાના પાણીની સમસ્યા દૂર થઈ નથી તેમજ તેઓને લાભ પણ થયેલ નથી.

**5.નિષ્કર્ષ:-**

સંશોધન દર્શાવે છે કે તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ૧૦૦% આદિવાસી વસ્તી ધરાવતું કાકડવા ગામ ૧૦૦% નળ કનેક્શન ધરાવે પરંતું ૮૩% થી વધુ લોકો 'જલ-જીવન મિશન' યોજનાની સમગ્ર પ્રક્રિયાઓથી અજાણ છે. તથા ૧૦૦% લોકોનું કહેવું છે કે જલ-જીવન મિશન યોજના દ્વારા પીવાના પાણીની સમસ્યા દૂર થઈ નથી તેમજ તેઓને લાભ પણ થયેલ નથી. આ શોધ પત્ર એ વાત પર ભાર મૂકે છે કે માત્ર પાઇપલાઇન બિછાવવાથી કે નળ કનેક્શન આપવાથી 'જલ-જીવન મિશન' સફળ ગણાય નહીં. તેની સાચી સફળતા પાણીની નિયમિતતા, શુદ્ધતા અને લોકોના સંતોષમાં રહેલી છે.

**સંદર્ભો:-**


1. ગામીત સલોની કે. ૨૦૨૪ 'ટકાઉ વિકાસ ધ્યેય 6 અંતર્ગત કાકડવા ગામમાં જલ-જીવન મિશન યોજનાની કામગીરીનું મૂલ્યાંકન' મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ. સુરત, અપ્રકાશિત લઘુશોધ નિબંધ.
2. https://villageinfo.in/gujarat/tapi/vyara/kakadva.html
3. ભારતમાં પાણીની અછત - વિકિપીડિયા
4. https://www.unwater.org/publications/un-world-water-development-report-2023
5. https://ejalshakti.gov.in/jjmreport/JJMIndia.aspx
6. https://pib.gov.in/PressReleasePage.aspx?PRID=2042989
7. https://pib.gov.in/PressNoteDetails.aspx?NoteId=152025&ModuleId=3&reg=3&lang=1